



## ગઝલ ગુલદસ્તો - 1

### (11 કવીઓનો સંયુક્ત ગઝલસંગ્રહ– 'પગથાર')

કવીશ્રી મગન મકવાણા દ્વારા સંચાલીત ફેસબુક ગ્રુપ 'ગઝલ તો હું લખું' દ્વારા ગઝલશીક્ષણ મેળવી રહેલા કવીઓ પૈકી **11** કવીઓના સંયુક્ત ગઝલસંગ્રહ 'પગથાર'માંથી આજે પ્રથમ તબક્કામાં **6** કવીઓની **12** રચનાઓ માણીશું.

## .1.

ભીંત ઘરની એટલી પાકી નથી,
એની ઉંમર થઈ છે; પણ થાકી નથી.

મોર દોર્યા લીંપણમાં બાએ મસ્ત,
આથી ટહુકાની તરસ બાકી નથી.

ગર્વથી છત નભને તાકે છે સદા,
આ ખુમારીની કીંમત આંકી નથી.

જ્યાં જગા નાની, હ્રદય મળશે વીશાળ,
ત્યાં કદાપી કોઈ હાલાકી નથી.

## .2.

દોસ્ત, તાળું ન વાસ દરવાજે!
આવશે કોઈ ખાસ દરવાજે!

મારા ઘરમાં પ્રકાશ છે, રહેશે;
હોય છોને અમાસ દરવાજે!

કેમ ભડકે બળી ગયો ઉંબર,
જઈને પગલાં તપાસ દરવાજે!

એ હવાથી ન આમ ખુલી જાય,
એ હશે આસપાસ દરવાજે!

વાટ જોતાં ખડે પગે છે બેઉ,
વૃદ્ધ આંખોના શ્વાસ દરવાજે!

બંધ રહેવાનો લાભ આવો છે,
જો ઉગ્યું માત્ર ઘાસ દરવાજે!

કોઈ અંદર તો કોઈ બહાર ગયું,
સહુનો અટકે પ્રવાસ દરવાજે!

કૃષ્ણ, ઝટ દોડ મીત્રને મળવા;
છે સુદામો ઉદાસ દરવાજે!

યોગેન્દુ જોશી

**કવી સંપર્ક:** 19, રત્નેશ્વરી સોસાયટી, જી.એસ.ટી. ક્રોસીંગ રોડ, રાણીપ, અમદાવાદ–382480
Mobile- 8140787767, eMail: yogendu@gmail.com

.3.

સંબંધ તમારો–મારો શું છે? સમજાવો સાહેબા!
આ હૈયું, હાથ, સહારો શું છે? સમજાવો સાહેબા!

આ દીલ અમે સહેજ દીધું ને ત્યાં છાની થઈ ગઈ વાણી,
મારો આ મન–મુંઝારો શું છે? સમજાવો સાહેબા!

તારી આંખોમાં છે ચાંદો, ને મારે ઘર અંધારું,
આ અજવાળાનો ધારો શું છે? સમજાવો સાહેબા!

છે બાંધી સરહદ કેવી કેવી, તારી મારી વચ્ચે,
આ ભેદ અને ઈજારો શું છે? સમજાવો સાહેબા!

તારું નામ જપીને હૈયાને ભરતી–ઓટ મળ્યાં છે,
હોડી, દરીયો, કીનારો શું છે? સમજાવો સાહેબા!

**.4.**

દરીયાનાં ખાધાં છે સમ,
પીવી છે વરસાદી ગમ!

પાળેલાં મનનાં પંખી,
ખંખોળે છે ભેદ–ભરમ!

ઝાકળમાંથી બર્ફ થયા,
જીવ્યા જાણે સાત જનમ!

મારી પાસે સપનાં છે,
તારી પાસે આંખ સનમ!

હોવું એની છે ઓળખ,
ફુલોનો ના પુછ ધરમ!

સૈયદ સ્માઈલી

**કવી સંપર્ક:** 202,'મન્નત' એપાર્ટમેન્ટ, આમ્રપાલી સામે, રૈયારોડ, રાજકોટ
Mobile - 9879973437, eMail: ijsaiyad12@yahoo.in

**.5.**

જરુરત જેટલું મળજો, સવાયું નહીં,
બધું પાસે તો છે; પણ કંઈ પમાયું નહીં!

નવાઈ એ નહોતી કે ઉઠાયું નહીં,
નવાઈ એ કે છેવટ લગ જગાયું નહીં!

પચી પા'ણાય જાવાના, ખબર પણ છે,
અધીરાઈ નડી, સરખું ખવાયું નહીં!

બખુબી અણગમાનો ભાર વેઠ્યો છે,
હૃદય પણ બેશરમ કેવું? ઘવાયું નહીં!

અદા તારી, અદા તારી, અદા તારી!
તને જોયા પછી પાછું વળાયું નહીં!

ચકાસી લો પ્રથમ જળની સપાટીને,
પછી અફસોસ ના કરતાં–'ડુબાયું નહીં!'

મેં 'રાજુલ' નામની સુંદર કલમ રોપી,
ફરી કોઈ કલમથી ત્યાં ઉગાયું નહીં!

## .6.

આયનાની આંખમાં આંખો પરોવી, દાદ દઈ જો!
જાતને પુરવાર કર! ક્યારેક તો અપવાદ દઈ જો!

સાવ સુક્કો થઈ ગયો સંબંધ, એને સાચવી લે,
માત્ર ભીના સ્પર્શથી એ થઈ જશે આબાદ, દઈ જો!

હા, નદીની જેમ ધસમસવું હજી બાકી છે મારું,
હું ગઝલ છું દોસ્ત, તું ખોબો ભરી ઉન્માદ દઈ જો!

એ પછી સાર્થક થવાનું ફુંકવું તારું ચલમ પણ,
બે'ક ચપટી જેટલો ગુગળનો એને સ્વાદ દઈ જો!

આમ તાક્યા કરવું છે કાયમ ઉઘાડી બારીએથી?
શક્ય છે થઈ શકે સંવાદ; પણ એક સાદ દઈ જો!

રાજુલ ભાનુશાલી
કવી સંપર્ક:115/8, શ્રીકૃષ્ણદીપ, ગરોડીયા નગર, પુષ્પવીહાર હોટેલની બાજુમાં, ઘાટકોપર(ઈસ્ટ),
મુંબઈ–400077
Mobile- 9920777625, eMail: rajul.bhanushali187@gmail.com

**.7.**

મળે સાવ થોડો સમય જીવવાનો,
તમે કાઢી લીધો સમય બાઝવાનો!

તમારી ઉપર છે, મને જેમ ધારો,
હું એવો જ તમને અસલ લાગવાનો!

ગમે તેમ એની કરો સરભરા પણ,
નથી લાજતો તે નથી લાજવાનો!

નથી કોઈની એ શરમ રાખવાનો,
સમય છે, સમય તો સતત ચાલવાનો!

તમે ફુલ ફેંકો કે પથ્થર, પરત એ;
ફરીને તમારી તરફ આવવાનો!

**.8.**

જોરથી દુ:ખોને ઝાટક જીંદગી!
સુખ લઈને ચાલ, ત્રાટક જીંદગી!

તું બધું સાચું જ માને છે અને,
એક નાટકમાંય નાટક જીંદગી!

રાહ જોવાની સતત ચાવી ભરી,
ખોલશે ક્યારેક ફાટક જીંદગી!

એકલા તડકા જ પડવાના નથી,
આપશે થોડીક ટાઢક જીંદગી!

તું અહીં આનંદ લેવા જાય છે!
માત્ર પીડાની જ હાટક જીંદગી!

હાર્દીક વોરા
કવી સંપર્ક: A/4, 'રજત' એપાર્ટમેન્ટ, ¾, જલારામ સોસાયટી,
યુનીવર્સીટી રોડ, રાજકોટ–360005
મોબાઈલ: 8128686057, ઈ.મેઈલ: hardikvora@gmail.com

## .9.

સત્યની જેને સમજણ નથી,
જીંદગી એની મુંઝવણ નથી.

સત્યનું ક્યાંય મંદીર નથી,
શક્ય છે, સત્ય ઘર્ષણ નથી.

ધારવું એ જ સ્વાધીનતા,
માનવાનુંય વળગણ નથી.

હાથની ફાંસથી વન બચે,
ધારને દુખનું સ્મરણ નથી.

સ્વર્ગને કોણ પથ્થર ધરે?
સાવ સાચું આ તર્પણ નથી.

## .10.

આપણું મન, એટલે હું ને હું, શું–નું શું વીચારે?
રાઈનો પર્વત ચઢ્યો તો કોણ, કોને, ક્યાં ઉતારે?

પાતળી છે ભેદરેખા, ભક્ત ને શાયરની વચ્ચે,
એક ડુબે પ્રેમમાં, બીજો તરે એને સહારે.

માછલીની આંખમાં તરતો રહે છે પ્રશ્ન કાયમ,
શું ખરેખર હોય છે નકરા નરક જેવું કીનારે?

ટુંટીયું વાળીને બેસે એક મા મસ્જીદની સામે,
સાંભળે છે માત્ર રુદન બાળકોનું એ મીનારે.

લાગણી છે બૉનસાઈ જેવી કુંઠીત તોય 'ઝાઝી',
તું ટહુકાની અપેક્ષા રાખે છે સાંજે–સવારે!

ચીરાગ ઝા 'ઝાઝી'
કવી સંપર્ક: A-4, કદમ બંગ્લોઝ, બાગબાન પાર્ટી પ્લોટ સામે,
થલતેજ શીલજ રોડ, અમદાવાદ- 3800059
મોબાઈલ : 9909961391, ઈ.મેઈલ: chiragjha@gmail.com

## .11.

હાસ્ય નામે એક તકલાદી નવી દુકાન છે,
જો ઉધારી એ મળે, અઢળક ખરીદો, શાન છે.

આવવાનું, થોભવાનું એનું તો નક્કી નથી,
ને કહેવા દો, હવા જેવો જ આ ભગવાન છે!

મૌનમાં શાંતી જ છે, એવું કદી ના આંકશો,
રાખ નીચે પણ ભભકતું, આગનું તોફાન છે.

પામવા માટે કશુંક તો ત્યાગવું પડશે હવે,
એમ બોલીને ખર્યું, તે પાનખરનું પાન છે.

પ્રશ્ન ક્યાં, શું, કેટલું એ યાદ રાખે, એ નથી,
જે બધી ભુલી શકે ભુલોને, એ ઈન્સાન છે.

.12.

આમ તો લાગ્યા વગર લાગ્યા કરે,
હોય નીડર તોય ડર લાગ્યા કરે.

વાસ નાંખી, કાગડા ફરક્યા નહીં,
છતને ઘરડાઘર શું ખર લાગ્યા કરે?

આંખને મલ્હાર ગાવાનું કહો,
શુષ્ક મન જો બેફીકર લાગ્યા કરે.

ઓરતા છે, સાથ દઉં છેવટ લગી,
વાંસ થઈ ચાલું, સભર લાગ્યા કરે.

એ દુઆઓની અસર પણ એટલી,
કે ખુદા પણ બેઅસર લાગ્યા કરે.

રક્ષા શાહ

કવી સંપર્ક: 312/12, નીર્મળ જ્યોતી, જવાહર નગર, યુનીવર્સલ સ્કુલ પાસે,
ગોરેગાંવ (વેસ્ટ), મુંબઈ–400062
મોબાઈલ: 9619987370, ઈ.મેઈલ: shahraxa08@gmail.com

@@@


'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો સુરતના યુવાગઝલકારો ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : ચૌદમું – અંક : 415 – December 09, 2018

'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન : સુનીલ શાહ - sunilshah101@gmail.com

@@@



# પગથાર

**અમુક ઊંચાઈએ પહોંચ્યાંનો આનંદ**

'પગથાર' એ ફેસબુક ગ્રુપ 'ગઝલ તો હું લખું' નો ચોથો સંયુક્ત ગઝલસંગ્રહ છે.

'ગઝલ તો હું લખું' ગ્રુપ ઓગસ્ટ ૨૦૧૧થી ફેસબુક પર ગઝલના પ્રચાર-પ્રસાર માટે કાર્યરત છે. નવોદિતોને માર્ગદર્શન મળી રહે તે હેતુથી ગ્રુપમાં ગઝલનાં છંદ, બંધારણ અને શેરિયત અંગે ચર્ચા કરવામાં આવે છે. ગઝલલેખનમાં વ્યાકરણશુદ્ધિ અને ભાષાશુદ્ધિ જળવાય, તે માટે ગ્રુપમાં એક 'નાનકડી પણ મજાની વાત' નામે શ્રેણી ચલાવવામાં આવે છે. જેમાં, ભાષાસજ્જતાને સ્પર્શતા મુદ્દાની વિસ્તૃત છણાવટ કરવામાં આવે છે. સંચાલકમંડળ, ગ્રુપમિત્રો અને શુભચિંતકોના સહકાર થકી જ આજે 'પગથાર' સુધી પહોંચી શકાયું છે.

'પગથાર' સુધીનું દરેક પગથિયું ચડવામાં શ્રી ભાવેશ શાહ, યોગેન્દુ જોષી, શ્રી અશોક જાની અને ચિરાગ ઝા 'ઝાઝી' એ સતત સંપર્કમાં રહીને માર્ગદર્શન અને હૂંફ આપ્યાં છે.

શ્રી કાંતિ વાછાણીએ મુખપૃષ્ઠ સજાવટ ને લેઆઉટ/ટાઈપસેટિંગનું કામ ચોકસાઈપૂર્વક કરી આપ્યું છે.

'પગથાર' સુધી પહોંચેલાં કવિમિત્રોની ગઝલો વાંચીને ભાવપૂર્વક પ્રસ્તાવના લખી આપનાર કવિશ્રી કિરણસિંહ ચૌહાણનો હૃદયપૂર્વક આભાર માનું છું.

આપનાં સૂચનો અને પ્રતિભાવોનો ઈંતજાર રહેશે.

'ગઝલ તો હું લખું' ગ્રુપ વતી
મગન મકવાણા 'મંગલપંથી'
ધોળકા.

'ગઝલ તો હું લખું' ગ્રુપનાં અન્ય પ્રકાશનો

ગુજરાતી ભાષાની સર્જાયેલી અને સર્જાતી આવી, પ્રશીષ્ટ કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી.. વગેરે માહીતી મોકલી મને લખજો..

તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ' દર પંદર દીવસે,

એક મેલ સાથે, અલગ પીડીએફમાં મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,58,60,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,15,14,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,46,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 12,07,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@